For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in







# સૂર્યકિરણ એર શોએ ભરૂચની ધરતી પર પહેલી વખત પોતાનું કૌવત બતાવ્યું

**એરક્રાફ્ટ** એરોબેટિક ટીમે દહેગામમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ખાતે હવાઈ કરતબ બતાવ્યું

**અવકાશી** કરતબોનાં દિલધડક દૃશ્યોએ ભરૂચીવાસીઓને મંત્રમુગ્ધ કર્યા

ભરૂચ: ભરૂચના દહેગામ ખાતે નવનિર્મિત દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ખાતે શનિવારે ભારતીય વાયુ સેનાની એશિયાની એકમાત્ર ૯ એરક્રાફ્ટ એરોબેટિક ટીમે દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે ભરૂચના દહેગામ ખાતે અદ્દભૂત કૌશલ્યનું પ્રદર્શન કરતાં દિલધડક એર-શો કર્યો હતો. કાર્યક્રમમાં એરક્રાફ્ટ એરોબેટિક ટીમે પુણ્ય સલીલા મા નર્મદા તથા આલ્ફાબેટિકના વિવિધ આકાર તથા ડીએનએ રેપ્લિકાનાં દૃશ્યો ગગનમાં બનાવીને ભરૂચવાસીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે કલેક્ટર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, ભરૂચના નાગરિકોએ આ સૂર્યકિરણ ...અનુસંધાન પાના ૯ પર





રોશનીથી બ્રિજ ઝગમગ્યા

(તસવીર: હેમંત ડેરે, સતીષ જાદવ)

# રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી માટે ભારે તૈયારી

- 22મીએ સોસા, મહોલ્લા, શેરી, એપાર્ટમેન્ટ, મંદિરોમાં ભજનો, આરતી સાથે અનેક ધાર્મિક કાર્યક્રમોનાં આયોજન
- ઠેકઠેકાણે કેસરી ધ્વજ, બેનર્સ, હોર્ડિંગ અને રોશનીના ઝગમગાટ સાથે આખું સુરત ભગવાન રામમય બની ગયું
- કેન્દ્ર-રાજ્ય સરકારની સાથે સ્કૂલ-ખાનગી ઓફિસોમાં પણ રજાઓ જાહેર કરવાથી સુરતવાસીઓમાં ભારે ઉત્સાહ

સુરતઃ અયોધ્યા ખાતે 22મી તારીખે રામલલ્લાની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને લઈને આખા દેશમાં ઉત્સાહનો માહોલ છે ત્યારે સુરતમાં પણ તેની ભવ્ય ઉજવણી કરવા માટેની તૈયારીઓ કરી દેવામાં આવી છે. ઉમળકા અને ઉત્સાહ સાથે સુરતમાં ઠેકઠેકાણે રોશનીઓ કરવામાં આવી છે. જેને કારણે સુરત ઝગમગવા લાગ્યું છે તો સાથે સાથે સોસા., મહોલ્લા અને મંદિરોને રામભગવાનની ધ્વજા, રામદરબાર, બેનરો અને હોર્ડિંગ્સ સાથે સજાવી દેવામાં આવ્યા છે. તા.22મીના રોજ અનેક ધાર્મિક કાર્યક્રમોની ભરમાર ...અનુસંધાન પાના ૯ પર

## 22મીએ એટલાં આયોજનો થયાં કે રસોઈયા-મંડપવાળા-ઢોલવાળા મળતા નથી

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી માટે સોસા.માં ધાર્મિક કાર્યક્રમોની સાથે સાથે જમણવારના આયોજનો કરવામાં આવ્યા છે. ઉપરથી તેમાં રજાઓ જાહેર થતાં સંખ્યાબંધ સોસાયટીઓમાં જમણવારના એટલા આયોજનો કરવામાં આવ્યા કે તા.22મીના રોજ રસોઈ બનાવવા માટે રસોઈયા ખૂટી પડ્યા છે. અનેક સોસા.ના રહીશો જમણવાર કરવા માટે તૈયાર ...અનુસંધાન પાના ૯ પર

## સોસા., મહોલ્લા, એપાર્ટમેન્ટ ધ્વજા, હોર્ડિંગ્સ, બેનર્સથી સજાવાયા, માર્કેટ્સ રામદરબાર બનાવાયા

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી માટે સુરતવાસીઓમાં એટલો ઉત્સાહ છે કે અનેક સોસા., મહોલ્લા, શેરી અને એપાર્ટમેન્ટને રામ ધ્વજાથી શણગારી દેવામાં આવ્યા છે. ઘરો પર ધ્વજા લગાડવામાં આવી છે. એપાર્ટમેન્ટ પર ભગવાન રામના લાંબા બેનરો લગાડવામાં ...અનુસંધાન પાના ૯ પર


કાપડ માર્કેટમાં લાઇટિંગ


શેરીઓમાં ધ્વજનો શણગાર

## થિયેટરો દ્વારા પ્રાણપ્રતિષ્ઠાને મોટાપડદે બતાવવાની જાહેરાત કરાઈ

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને મોટા પડદે જોઈ શકાય તે માટે સુરતના કેટલાક થિયેટરો દ્વારા તેનું જીવંત પ્રસારણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે થિયેટર સંચાલકો દ્વારા ખાનગી ચેનલો સાથે કોન્ટ્રાક્ટ પણ કરવામાં આવ્યો છે. આ અંગે રાજ ઈમ્પિરિયલના જનરલ મેનેજર ગૌતમ ...અનુસંધાન પાના ૯ પર

## 22મીએ પ્રાણ પ્રતિષ્ઠા હોવાથી સંસ્થાઓ દ્વારા 22 ટકા ડિસ્કાઉન્ટ જાહેર

સુરતમાં ભગવાન રામના આગમનને વધાવવા માટે અનેક સંસ્થાઓ દ્વારા ડિસ્કાઉન્ટની જાહેરાતો કરવામાં આવી છે. મોટાભાગની ખાણી-પીણીની લારીઓ, દુકાનો, રેસ્ટોરાં, હોટલની બહાર બ્રેકફાસ્ટ, લંચ અને ડિનરમાં ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. કેટલીક દુકાનોમાં ભગવા પહેરવેશની સાથે અન્ય કપડાઓ પર પણ ડિસ્કાઉન્ટ જાહેર કરાયા છે, તો અનેક દુકાનોમાં એક વસ્તુ પર બીજી વસ્તુ ફ્રી અથવા ડિસ્કાઉન્ટમાં આપવાની પણ ઓફરો કરવામાં આવી છે. કેટલાક ઠેકાણે ફ્રીમાં ચાનું વિતરણ પણ કરાશે તેવી જાહેરાત કરાઈ છે. 22મી ...અનુસંધાન પાના ૯ પર

# તા.22મીએ સુરત શહેર-જિલ્લાની તમામ શાળાઓમાં અડધી રજા રહેશે

**સવારની** પાળીની શાળાઓમાં રજા રહેશે, જિલ્લા શિક્ષણાધિકારીએ સત્તાવાર પરિપત્ર જાહેર કર્યો

સુરતઃ રામ લલ્લાનો અભિષેક 22મી જાન્યુઆરીએ અયોધ્યામાં (Ayodhya) થવા જઈ રહ્યો છે અને દેશભરમાં તેની ઉજવણી (Celebration) થઈ રહી છે. દરમિયાન ઉત્તર પ્રદેશ (U.P), રાજસ્થાન (Rajasthan), છત્તીસગઢ (Chhattisgarh), મધ્યપ્રદેશ (M.P) જેવા રાજ્યોએ આ અવસર પર રજા જાહેર કરી છે. આ સાથે જ કેન્દ્ર સરકારે પણ તેની તમામ ઓફિસો (Office) અને સંસ્થાઓમાં અડધા દિવસની રજા (Leave) જાહેર કરી છે. ત્યારે હવે સુરતમાં પણ આ પ્રસંગે સરકારી કચેરીઓ બાદ શાળાઓમાં (School) અડધા દિવસની રજાની જાહેરાત કરવામાં આવી છે. ખાસ કરીને સુરત શહેર અને જિલ્લામાં સવારની પાળીની સ્કૂલ્સમાં રજા રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહે સત્તાવાર પરિપત્ર પણ જારી કરી દીધો છે. જેથી વાલી વિદ્યાથી અને શાળા સંચાલકોમાં પ્રર્વતતી મૂંઝવણ દૂર કરી દેવાઇ છે. ...અનુસંધાન પાના ૯ પર

## અગાઉ કર્મચારી મંત્રાલયે જાહેર કર્યો હતો રજાનો આદેશ

કર્મચારી મંત્રાલયે કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો/વિભાગોને જાહેર કરેલા આદેશમાં જણાવ્યું હતું કે અયોધ્યામાં રામ લલ્લાનો અભિષેક સમારોહ 22 જાન્યુઆરી 2024ના રોજ સમગ્ર ભારતમાં ઉજવવામાં આવશે. કર્મચારીઓ આ ઉજવણીમાં ભાગ લઈ શકે તે માટે નિર્ણય લેવામાં આવ્યો છે કે સમગ્ર ભારતમાં કેન્દ્ર સરકારની તમામ કચેરીઓ, કેન્દ્રીય સંસ્થાઓ અને કેન્દ્રીય ઔદ્યોગિક સંસ્થાઓ 22 જાન્યુઆરી 2024ના રોજ બપોરે 2.30 વાગ્યા સુધી અડધા દિવસ માટે બંધ રહેશે.

# વડોદરા હરણી લેકઝોન દુર્ઘટના : કોન્ટ્રાક્ટર પરેશ શાહ-નિલેશ જૈન સામે ગુનો નોંધાયો

**લેકઝોન** ખાતેના નાણાકીય સહિતના તમામ હિસાબો પરેશ શાહ તથા નિલેશ જૈન કરતા હોવાનું તપાસમાં ખૂલતાં પોલીસની કાર્યવાહી

વડોદરાઃ હરણી લેકઝોન ખાતે સર્જાયેલી ગોઝારી ઘટનામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, જેમાં 19 આરોપીઓ સામે ગુનો દાખલ કરાયો છે. જેમાં બે ભાગીદાર, મેનેજર બોટ ઓપરેટર અને હેલ્પર મળી 6ની ધરપકડ કરાઈ છે. આરોપીઓની પુછપરછ દરમિયાન લેકઝોનના મુખ્ય કોન્ટ્રાક્ટર પરેશ શાહ તથા પેટા કોન્ટ્રાક્ટર નિલેશ જૈનનું નામ બહાર આવતા તેમની સામે ગુનો દાખલ કરાયો છે. હરણી તળાવ ખાતે દિવસ દરમિયાન થયેલો તમામ નાણાકીય સહિતનો હિસાબ પરેશ અને નિલેશ રાખતા હતા. જેથી પોલીસે તેમની ધરપકડ કરવાના ચક્રો ...અનુસંધાન પાના ૯ પર

## આરોપીઓને સાથે રાખીને ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કરાયું

લેકઝોન ખાતે ગોઝારી દુર્ઘટનામાં પોલીસે પકડાયેલા આરોપીઓને સાથે રાખીને એફએસલની ટીમની હાજરીમાં સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. જેમાં પોલીસ આરોપીઓને સ્થળ પર લઇ ગઇ હતી અને કેવી રીતે સમગ્ર ઘટના બની હતી, તે ઘટનાનું પુરવર્તન કરાડાવ્યુ હતું.

## આરોપીઓ ભાગી નહીં જાય માટે લૂકઆઉટ નોટિસ

પોલીસ દ્વારા પાર્ટનરો સહિત 18 લોકો સામે ગુનો દાખલ કરાયો છે. જે પૈકી 6 આરોપીઓ પકડાયા છે, પરંતુ હજુ 12 જેટલા આરોપીઓ ફરાર છે. જો કે આ આરોપીઓ દેશ છોડીને ભાગી નહીં જાય તે માટે પોલીસ દ્વારા લુક આઉટ નોટિસ ઇસ્યુ કરાઇ છે. પોલીસ દ્વારા એરપોર્ટ ઓથોરિટીને પણ એલર્ટ કરાઇ છે.

# આડેધડ બેરિકેટ નહીં લગાડો: મેટ્રો રેલ કંપનીને કલેક્ટરની તાકીદ

**ધારાસભ્યોએ** છેવટે મેટ્રોની કામગીરીથી પરેશાન લોકો, વાહનચાલકોની લાગણીને વાચા આપી

સુરતઃ સુરત જિલ્લા સેવાસદન ખાતે આજે મળેલી સંકલન બેઠકમાં જનપ્રતિનિધિઓએ મેટ્રો રેલ પ્રોજેક્ટને લઈને લોકોને પડતી હાલાકી અંગે રજૂઆતો કરી હતી. જિલ્લા કલેક્ટર આયુષ ઓકએ મેટ્રો રેલ કંપની ઓથોરિટીને આડેધડ બેરીકેટ નહિ લગાડવા તાકીદ કરી છે.

સુરત જિલ્લા સેવા સદન ખાતે આજે કલેક્ટર આયુષ ઓકના અધ્યક્ષ સ્થાને મહત્વની સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અલગ અલગ વિધાનસભાના વિધાયકોએ પોતપોતાના વિસ્તારની સ્થાનિક સમસ્યાઓ અંગે રજૂઆતો કરી હતી. ...અનુસંધાન પાના ૯ પર

## સાંકડા અને નાના રોડ પર ભારે વાહનોને પ્રતિબંધ ફરમાવો: સંગીતા પાટીલ

લિંબાયતના મહિલા ધારાસભ્ય સંગીતા પાટીલએ સુરત શહેરી વિસ્તારમાં જ્યાં રોડ સાંકડા અને નાના છે તેવા સ્થળોએ ભારે વાહનોને પ્રવેશબંધી કરવા રજૂઆતો કરી ...અનુસંધાન પાના ૯ પર

## સચિનને ગટર-પાણી લાઇન માટે હાઇવે ઓથોરિટીની આડોડાઇ : સંદીપ દેસાઇ

સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ બાદ સચિન અને આસપાસના વિસ્તાર મનપા હેઠળ આવી ગયા છે. આ વિસ્તારોમાં ઝડપથી ગટર અને પાણી સહિતની ...અનુસંધાન પાના ૯ પર








અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


### બેસણું



A life of grace, kindness, and unwavering spirit

રવિવાર, ૨૧ જાન્યુઆરી ૨૦૨૪
સમયઃ સાંજે ૪ થી ૭
સરનામું: જીવન વિકાસ ટ્રસ્ટ હોલ, ગુજરાત ગેસ કંપની પાસે, અડાજણ, સુરત.

સ્વ. જસુબહેન
મનહરદાન ગઢવી
સ્વ.તાઃ ૧૩/૦૧/૨૦૨૪

લિ.
અશોકભાઈ મનહરદાન ગઢવી | કૌમુદીની અશોકભાઈ ગઢવી
કૌશલ અશોકભાઈ ગઢવી | ઐશ્વર્યા કૌશલ ગઢવી
ડો.મોહનીશ વીજયભાઈ ગઢવી | ડો. મેઘના અશોકભાઈ ગઢવી

### પાંચમી પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



તમારું જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શન બની રહેશે. અમો આપના પુરૂષાર્થ થકી જીવનમાં સફળતા પામ્યા જીવનભર આપના અભીભર્યા આર્શીવાદ અમારા પર વરસતા રહે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. ગં.સ્વ. ચંચળબેન રણછોડભાઈ પટેલ
ધર્મેશ રણછોડભાઈ પટેલ — મનીષા ધર્મેશ પટેલ
ચંદ્રેશ રણછોડભાઈ પટેલ — સંગીતા ચંદ્રેશ પટેલ
કરીના, ક્રિષ્ના, ફેનિલ, જૈવિન
તથા સમસ્ત ઈચ્છુભાઈ મકનજીભાઈ પરિવારના જયશ્રીકૃષ્ણ
મુ.પો. માસમા, તા. ઓલપાડ, જી. સુરત.

સ્વ. રણછોડભાઈ ઈચ્છુભાઈ પટેલ
સ્વ. તા. ૨૧/૦૧/૨૦૧૯

### મારા વ્હાલા બાપુજીની પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



બાપુજી, આપની ચિર વિદાયને આજે એક વર્ષ થયું છે. પરંતુ આપની સ્મૃતિ આજે પણ અમારા હૃદયમાં પ્રેરણા સ્વરૂપે આત્મસાત છે. તમારો હાથ અમ શિરે છે એ અહેસાસ આજે પણ કરીએ છીએ, દિલ ભરાઈ જાય ત્યારે તમારા ફોટા સાથે વાત આજે પણ કરીએ, તમે અમને જોતા હશો એ આભાસ આજે પણ કરીએ છીએ. સ્નેહ, સમર્પણ, પરિશ્રમ અને સેવાના સદ્‌ગુણોથી અમારા જીવનમાં સંસ્કારોનું સિંચન કર્યું છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતનાં દિવ્ય પવિત્ર આત્માને શાંતિ આપે એજ પ્રભુ ચરણમાં પ્રાર્થના.

સ્વ. સુખાભાઈ સોમાભાઈ પટેલ
જન્મ તા. ૦૭/૦૫/૧૯૩૬
સ્વ.તાઃ ૨૧/૦૧/૨૦૨૩

લિ.
ગં.સ્વ. ધનુબેન સુખાભાઈ પટેલ(પત્ની)
શ્રી પ્રવિણભાઈ સુખાભાઈ પટેલ(પુત્ર)
અ.સૌ. અનિતાબેન પ્રવિણભાઈ પટેલ(પુત્રવધુ)
ચિ. અંકુલકુમાર પ્રવિણભાઈ પટેલ(પૌત્ર-CANADA)
તથા સમસ્ત પરિવાર
હિમાંશુ નગીનભાઈ પટેલ — મયુર નવલભાઈ પટેલ
રૂપલ હિમાંશુ પટેલ(પૌત્રી) — હિરલ મયુરભાઈ પટેલ(પૌત્રી)
(ધ્યેય)(ભરથાણા) — કન્વ (CANADA)
એ-૨૫, ભાગ્યલક્ષ્મી સોસાયટી, પીપલોદ, સુરત.

### સુરતી મોઢ વણિક બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે, મારા ધર્મપત્ની રંજનબેન ધીરજલાલ વાંકાવાલાનું દુઃખદ અવસાન તા. 20/01/2024 ને શનિવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. 21/01/2024ને રવિવારના રોજ સવારે 9 થી 11 કલાકે નાનપુરા મુકામે રાખવામાં આવેલ છે.

બેસણાનું સ્થળ: 5, કદંબપલ્લી સોસાયટી, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત

લિ. ધીરજલાલ મગનલાલ વાંકાવાલા
દિપક ધીરજલાલ વકીલ — કૈરવી દિપક વકીલ
જયેશ ધીરજલાલ વકીલ — પ્રજ્ઞા જયેશ વકીલ
દેવાંશી, ધ્રુમીલ, ધ્રુવીલ
મો.નં. 93745 66665

સ્વ. રંજનબેન ધીરજલાલ વાંકાવાલા
સ્વ. તા. 20-01-2024, શનિવાર

### ॥ સુરતી મોઠવણિક અવસાન - પ્રાર્થના સભા ॥



અમારા માતૃશ્રી રસિકાંતાબેન જયંતિલાલ સાદડીવાલાનું તા.૨૦.૦૧.૨૦૨૪ ના શનિવારે દુઃખદ અવસાન થયેલ છે.

:: પ્રાર્થના સભા ::
સદ્‌ગતનું પાથરણું તા.૨૧.૦૧.૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે જીવન વિકાસ ટ્રસ્ટ, ગુજરાત ગેસ કંપનીની બાજુમાં, અડાજણ ગામ, સુરત ખાતે રાખેલ છે

સ્વ.રસિકાંતાબેન જયંતિલાલ સાદડીવાલા
સ્વ.તા.૨૦.૦૧.૨૦૨૪

નિવાસ સ્થાન : બી-૨૯, શાંતિનગર સોસાયટી, જોગાણીનગરની સામે, પ્રાઈમ આર્કેડ પાસે, આનંદમહેલ રોડ, સુરત.
પંકજભાઈ સાદડીવાલા - મો.૯૩૭૪૭૨૬૯૧૪
જતીનભાઈ સાદડીવાલા - મો.૯૩૭૪૭૨૬૯૧૫

લિ. સ્વ.જયંતિલાલ રણછોડદાસ સાદડીવાલા

| | |
|---|---|
| ચંદ્રેશકુમાર જયંતિલાલ સાદડીવાલા(પુત્ર) | કલ્પનાબેન ચંદ્રેશકુમાર સાદડીવાલા(પુત્રવધુ) |
| જયેન્દ્રકુમાર જયંતિલાલ સાદડીવાલા(પુત્ર) | પૂર્ણિમાબેન જયેન્દ્રકુમાર સાદડીવાલા(પુત્રવધુ) |
| પંકજકુમાર જયંતિલાલ સાદડીવાલા(પુત્ર) | મનીષાબેન પંકજકુમાર સાદડીવાલા(પુત્રવધુ) |
| જતીનકુમાર જયંતિલાલ સાદડીવાલા(પુત્ર) | સંગીતાબેન જતીનકુમાર સાદડીવાલા(પુત્રવધુ) |
| દિનેશચંદ્ર કાંતિલાલ ગજ્જર(જમાઈ) | નીલાબેન દિનેશચંદ્ર ગજ્જર(પુત્રી) |

હાર્દિક, ચિરાગ, પ્રયાગ